**નરોડા પો.સ્ટે.ના ગુ.રજી.નં.૧૧૧૯૧૦૩૫૨૬૦૧૬૬/૨૦૨૬, પ્રોહી.એકટની કલમ– ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબના ગુનાના કામે અરજદારઃ–પવાર મયુરી મહેન્દ્રસીંહ નાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

**––––––––––––––––––––––––––––––––––––––––**

૧. અરજદારે હાલની અરજી આપી જણાવેલ છે કે, નરોડા પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુના રજીસ્ટરના કામે અરજદારની પોતાની માલીકીનું હોન્ડા કંપનીનું **ACTIVA 5-G** કે, જેનો આર.ટી.ઓ.રજીસ્ટર નં. **GJ.01.CN-3646,** જેનો ચેસીસ નં.**ME4JF50AKJU328964** તથા એન્જીન નં. **JF50EU7328999,** જે હાલમાં ઉપરોક્ત ગુનામાં મુદ્દામાલ તરીકે કબ્જે કરવામાં આવેલ છે અને હાલમાં પોલીસ સ્ટેશનમાં જમા પડેલ છે. ઉપરોક્ત જણાવેલ મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહેવાથી અરજદારને રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તથા અરજદારને આર્થીક નુકશાની થાય તેવા સંજોગોમાં ઉપરોક્ત મુદ્દામાલ શરતોને આધીન પરત આપવા અરજ ગુજારેલ છે.

૨. અરજદારની સદર અરજી અન્વયે તપાસ કરનાર અમલદાર પાસેથી મુદ્દામાલ અન્વયે અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. જે રજુ થયેલ અભિપ્રાય વંચાણે લેતાં, અરજદારને મુદ્દામાલ પરત નહી સોંપવાનો અભિપ્રાય પાઠવેલ છે. ત્યારબાદ વિ.સરકારી વકીલશ્રીનો તથા સદર કામે અરજદારના વિ.વકલીશ્રીને સાંભળવામાં આવેલ છે.

3. અરજદારે કબ્જે કરેલ મુદ્દામાલ વાહનની માલીકી બાબતે આર.સી.બુકની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતાં વાહન અરજદારના નામે નોંધાયેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ અરજદારે ઓળખ અંગેના પુરાવા તરીકે તેઓના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. તેમજ આરોપીએ નો કલેઈમ પુરશીશ આપેલ છે. જે અરજદારે રજુ કરેલ છે. સદર મુદ્દામાલ વધુ સમય માટે પોલીસ સ્ટેશનમાં પડી રહે તો, વાહનની મશીનરી સ્પેર–

પાર્ટસ અને બોડીને નુકશાન થાય તેથી અરજદારને આર્થીક નુકશાની સહન કરવી પડે તથા અરજદારને મુદ્દામાલ વગર રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તેવા સંજોગો છે. જેથી,અરજદારને અમુક રકમના જામીન આપ્યેથી મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ઉપરોક્ત મુદ્દામાલનો ઉપયોગ થઈ શકે તથા તેનો વ્યય થતો અટકે. સદર કામે વિ.એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો. નામદાર સુપ્રિમ કોર્ટના **"૨૦૦૩ (૧)જિ.એલ. એચ.પાના નં.૩૦૭, સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિ. ગુજરાત સરકાર"**ના ચુકાદા મુજબ મુદ્દામાલ અરજદારને પરત સોંપવો જોઇએ તે ધ્યાને લઇ તેવા સંજોગોમાં યોગ્ય શરતોને આધીન મુદ્દામાલ આ કામના અરજદારને વચગાળાની કસ્ટડી માટે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી ન્યાયી અને ઉચીત જણાતું હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

* અરજદારઃ-**પવાર મયુરી મહેન્દ્રસીંહ** ની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી **મંજુર** કરવામાં આવે છે.

* અરજદારે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો જે તે પોલીસ સ્ટેશને રજુ કર્યેથી સદર મુદ્દામાલ (હોન્ડા કંપનીનું **ACTIVA 5-G** કે, જેનો આર. ટી.ઓ.રજીસ્ટર નં.**GJ.01.CN-3646**, જેનો ચેસીસ નં.**ME4JF50AK JU328964** તથા એન્જીન નં.**JF50EU7328999)** જે અરજદારને નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીના સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

૧. અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહશે.

૨. અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

૩. અરજદારે સદર મુદ્દામાલ કોઈને બક્ષીસ આપવુ નહી, વેચવુ નહી કે, અન્ય કોઈપણ રીતે તબદીલ કરવુ નહી.

૪. ત.ક.અ.નાએ મુદ્દામાલના અરજદારના ખર્ચે ત્રણ ફોટોગ્રાફ્સ પડાવીને આ કામમાં સામેલ રાખવા.

**૫. અરજદારના લાયસન્સ અંગેની ખરાઇ કરી મુદ્દામાલ પરત સોંપવાનો રહેશે.**

**૬. વાહન લગત ઈસ્યુ થયેલા તમામ ઈ–મેમોની ભરપાઈ કર્યા બાદ જ વાહન અરજદારને સોંપવાનું રહેશે.**

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬
અમદાવાદ (સીટી)

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી)(જી.જે.૦૦૮૬૬)